# વી. એન્ડ સી. પટેલ ઇંગ્લીશ સ્કુલ

વિષય : ગુજરાતી | વાર્ષિક પરીક્ષા – ૨૦૧૮ | તા. : ૧૨-૩-૨૦૧૮

શ્રેણી : ૮ | સમય : ૩ કલાક

કુલ ગુણ : ૮૦

સૂચના :
૧. જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે. ૨. બધા જ પ્રશ્નોના ઉત્તર ફરજીયાત છે. ૩.જવાબ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખો.

**પ્ર-૧ નીચે આપેલ ગદ્યખંડને આધારે પ્રશ્નોના ઉત્તરો શોધીને લખો.** ૫

જાતમહેનત મનુષ્યમાત્રને સારું અનિવાર્ય છે એ વાત મને પ્રથમ સોંસરવી ઊતરી ટોલ્સટોયના એક નિબંધ ઉપરથી. એટલી સ્પષ્ટ આ વાતને જાણ્યા પહેલાં તેનો અમલ કરતો થઇ ગયો હતો. – રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' વાંચ્યા પછી તુરત. જાતમહેનત અંગ્રેજી શબ્દ 'બ્રેડ લેબર' નો અનુવાદ છે. 'બ્રેડ લેબર' નો શબ્દશઃ તરજુમો રોટી (ને સારું) મજૂરી. રોટીને પ્રત્યેક મનુષ્યે મજૂરી કરવી જોઇએ, શરીર વાંકુ વાળવું જોઇએ એ ઇશ્વરી નિયમ છે. એ મૂળ શોધ ટોલ્સટોયની નથી, પણ તેના કરતાં બધુ અપરિચિત રશિયન લેખક બુર્નોહની છે. તેને ટોલ્સટોયે પ્રસિદ્ધિ આપીને અપનાવજી. આની ઝાંખી મારી આંખ ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં કરે છે. યજ્ઞ કર્યા વિના જે ખાય છે તે ચોરીનું અન્ન ખાય છે એવો કઠિન શાપ અયજ્ઞને થાય છે. અહીં યજ્ઞનો અર્થ જાતમહેનત અથવા રોટીમજૂરી જ શોભે છે ને મારા મત પ્રમાણે સંભવે છે.

પ્રશ્નો :

૧. મનુષ્યમાત્રને સારું શું અનિવાર્ય છે? ૨. "અન ટુ ધિસ લાસ્ટ" કોની કૃતિ છે ?
૩. ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં કોનું મહત્વ સમજાવ્યું છે ?
૪. 'બ્રેડ લેબર' નો અર્થ શું થાય છે ? ૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**પ્ર-૨ નીચે આપેલ વિષયમાંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો.** ૭

૧. ઉનાળાનો બપોર ૨. સરદાર પટેલ.

**પ્ર-૩ અ. નીચે આપેલ મુદ્દાઓને આધારે વાર્તા લખો.** ૫

એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ – દુકાનદારનો જવાબ – "વધારે વજન ઊંચકવું નહિ પડે" – ગ્રાહકે ઓછા પેસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માંગણી – "પૈસા વધારે ગણવા નહીં પડે" – ગ્રાહકનો જવાબ – બોધ.

બ. તમારા મોટાભાઇને ધોરણ-૧૦ ની પરીક્ષા માટે શુભેચ્છા પાઠવતો પત્ર લખો. ૫

**પ્ર-૪ અ. નીચે આપેલ પદ્યખડને આધારે પ્રશ્નોના સાચા ઉત્તરો શોધીને લખો.** ૫

હાથ જોડી ના બેસો રે ભાઇ, હાથ જોડી ના બેસો !
કરવું હરિને હાથ ખરું, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બસી રહેત, ખાશો જગતની ઠેસો.
મેઘ વરસશે મૂશળધારે, તેં શું જોઇ રહેશો ?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો ?
ફરશે ને હરશે તે ચરણે, બાંધ્યો ભૂખે મરે શો;
હરિ હરિ કરતાં આ હીન દશા કરી, એમાં શો સંદેશો ?
સૂતેલા પણ સિંહ તણે મુખ આવી શિકાર પડે શો ?
ફાળ ભરી એ ઠાર કરે તો જ કરી શકે ભૂખ કલેશો.
આ નથી, તે નથી, એમ કદી પણ કાયર થઇ નવ કહેશો;

સાધનથી પણ સાધ્ય છે મોટું: પાધરે યત્ન પ્રવેશો.
યત્ને ચઢી બેડલ રેલ હઠવશો, નહીં તો પડી સડી વ્હેશો:
વીર ! ઊઠો પ્રભુ સાહ્ય થશે, આ સાધવો દિવ્ય સંદેશો.

— અરદેશર ફરામજી

**પ્રશ્નો :**

૧. કવિએ કાવ્યમાં શેની વાત કરી છે ?
(અ) ભક્તિની (બ) ધર્મની (ક) પ્રેમની (ડ) શ્રમની
૨. ખેતરમાં પાક ક્યારે આવશે ?
(અ) ખાતર નાખદવાથી (બ) નીંદણ કરવાથી (ક) ખેતર ખેડવાથી (ડ) ખેડૂતના બેસી રહેવાથી
૩. કોણ ભૂખ્યો મરશે ?
(અ) ચરતો (બ) બાંધ્યો (ક) કાર્ય કરતો (ડ) ફરતો
૪. કોના મુખમાં શિકાર આવી પડતો નથી ?
સુતેલા વાઘના (બ) શિકાર કરતા સિંહના (ક) સુતેલા સિંહના (ડ) દોડતા સિંહના
૫. પ્રભુ કોની મદદે આવે છે ?
(અ) સૂતા માણસની (બ) બેઠેલા માણસની (ક) કાર્ય કરતા માણસની (ડ) ઊભા રહેલ માણસની

**બ. નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** ૩

હર વખત શું માત ............ રળિયાત કરીએ.

**પ્ર-૫ અ. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ છ)** ૬

૧. નવા વર્ષના સંકલ્પો પાઠના લેખકનું નામ જણાવો.
૨. અંજનથી શાહીનો ખડિયો કઇ રીતે ઢોળાઇ ગયો ?
૩. વલ્લભભાઇનો જીવનમંત્ર શો હતો ?
૪. વલ્લભભાઇના સ્વભાવને શાની ઉપમા આપવામાં આવી છે ?
૫. પાર્વતીબહેન ગુણિયલ વહુને કોના પુણ્યનું બળ ગણાવે છે ?
૬. જગમોહનદાસના પરિવારમાં કુલ કેટલા સભ્યો હતા ?
૭. ચંદા કોની પુત્રી હતી ?

**બ. નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** ૧૦

૧. જગમોહનદાસ શાનો વેપાર કરતા હતા ? તેમને માથે કેવું સંકટ આવી પડ્યું ?
૨. નવા વર્ષે લેખક કયા કયા સંકલ્પો કરે છે ?
૩. ભાસ્કરરાયનો અંજન વિશે શો અભિપ્રાય હતો ?
૪. વલ્લભભાઇને 'સરદાર' નું બિરુદ કોણે અને કયારે આપ્યું ?
૫. સુમોહનને કઇ વાતનું દુઃખ હતું ?
૬. ચંદાએ ગામના લોકોને વગર પૂંછડાના ઉંદર કેમ કહ્યા ?

**ક. નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. (કોઈપણ બે)** ૬

૧. 'વલ્લભભાઇ પટેલ' નું વ્યક્તિત્વ તમારા શબ્દોમાં લખો.
૨. આખલાએ શા માટે ચંદા પર હુમલો ન કર્યો ?
૩. પોતાના પરિવાર પાસે સંસ્કારની શ્રીમંતાઇ છે, એવું પ્રીતિ માને છે. શા માટે ?

**પ્ર-૬ અ. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ ચાર)** ૪

૧. દિવામળીના વેકેશનમાં બાના ઘરની સ્થિતિ કેવી હતી ?
૨. 'શરૂઆત કરીએ' કાવ્યમાં કવિ શેને શેને રળિયાત કરવાનું કહે છે ?
૩. જાપાનનો કયો કાવ્ય પ્રકાર ગુજરાતમાં જાણીતો છે ?

૪. સૌરાષ્ટ્રનો લોકસાહિત્યમાં શું જોવા મળે છે ?
૫. દુઃખ આવી પડે ત્યારે કેવું વલણ અપનાવવું જોઇએ ?

**બ. નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાકયમાં ઉત્તર લખો. (કોઇ પણ બે)** ૪

૧. વિદાય થતા ભાઇઓની પત્નીઓ વિશે કવિએ શી ઉપમા આપી છે ?
૨. કવિ કઇ કઇ વાતની શરૂઆત કરવાનું કહે છે ?
૩. વ્યવહારની રીત અને ક્ષત્રિયવટ વચ્ચે શો ભેદ છે ?

**ક. નીચે આપેલ પંક્તિનો ભાવાર્થ સમજાવો** ૨

સૂકાં પર્ણો વન ગજવતાં, શાંત લીલાં સદાયે.

**પ્ર-૭ અ. યોગ્ય જોડકાં જોડો.** ૨

૧. સાંઢ નાથ્યો — યશવંત પંડ્યા
૨. કિસ્સા ટુચકા — ઈશ્વર પેટલીકર
૩. સાકરનો શોધનાર — ડૉ. રાઘવજી માધડ
૪. અખંડ ભારતના શિલ્પી — સ્વામી આનંદ

**બ. યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યામ પૂરો.** ૨

૧. વલ્લભભાઇનો જન્મ ઇ.સ. ............ માં થયો હતો.
૨. હાઇકુ ............ અક્ષરની કાવ્યકૃતિ હોય છે.
૩. જગમોહનદાસ એમના વર્તુળમાં .............. નામથી ઓળખાતા.
૪. અંજન કિન્નરીને ............ ને મદદ કરવાનું કહે છે.

**ક. નીચે આપેલ વાક્યો કોણ બોલે છે. તે કહો.** ૨

૧. બાપા ! જીવથી જઇશ તોય ઓછો તમારો વંશ જવાનો છે ?"
૨. "આજ સુધી ઘરકામ કર્યું નથી, એટલે બરોબર ફાવટ નથી."

**પ્ર-૮ અ. નીચે આપેલ શબ્દોના અર્થ આપો.** ૨

રેઢિયાળ, રંજ, ચોગમ, ચારપાઇ

**બ. નીચે આપેલ શબ્દોના વિરોધી અર્થ લખો.** ૨

શરમ, હર્ષ, ગુણ, વિજય

**ક. નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો.** ૨

૧. નાડ પારખવી. ૨.પાણીના રેલાની માફક વહી જવું.
૩. ગજુ ન હોવું ૪.આંખ આડા કાન કરવા.

**ડ. નીચે આપેલ શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.** ૨

૧. તોફાની ઢોરને ગળે બાંધવાનું લાકડું. ૨. આકાશ જેવા ભૂરા રંગનું.

**પ્ર-૯ અ. નીચે આપેલ વાકયોમાંથી સાદુ વાક્ય, સંયુક્તવાક્ય અને સંકુલ વાક્ય ઓળખીને લખો.** ૨

૧. વલ્લભભાઇ લોખંડી પુરુષ હતા.
૨. તારે તોફાન કરવું હોય તો તારે મોસાળ પછો જા.
૩. રયજીનો જીવ પડીકે બંધાયો હતો.
૪. પહેલેથી થોડું કર્યું હોત તો આજે આટલો વખત એની પાછળ ન જાત.

**બ. નીચે આપેલ શબ્દોના સમાસ ઓળખાવો.** ૨

૧. નવરાત્રિ ૨. ભાઇબહેન